# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. શિક્ષક દિન નિમિત્તે રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોને અવોર્ડ એનાયત.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષકોને પાઠ્યપુસ્તકોથી આગળ વધીને વિદ્યાર્થીઓના જીવનને સુધારવા અને સુરક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા હાકલ કરી.
3. નેપાળના પૂરગ્રસ્ત ત્રિશુલી બજાર વિસ્તારમાંથી પાંચ વર્ષના બાળક સહિત ત્રણ વધુ ભારતીય નાગરિકોને બચાવાયા.. અત્યાર સુધીમાં 169 ભારતીયોનો બચાવ.
4. કેરલના ત્રિશુરમાં એક માર્ગ અકસ્માતમાં તામિલનાડુના આઠ વિદ્યાર્થીઓના મોત.
5. ગુજરાતના અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ 2026નો ત્રીજા તબક્કાનો આજથી આરંભ.
6. મહિલા ક્રિકેટમાં આજે T20 એશિયા કપની મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું  કે ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા જ વિકસીત ભારત શક્ય બનશે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026 ને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે જે સમાજ પોતાના શિક્ષકોનો આદર કરે છે તે યોગ્ય રીતે પ્રગતિશીલ સમાજ છે.

(BYTE- DRAUPADI MURMU)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો રજૂ કર્યા. 27 રાજ્યો, સાત કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારના છ સંગઠનોમાંથી 48 પસંદ કરાયેલા શાળા શિક્ષકોને પુરસ્કારો પ્રાપ્ત થયા. રાષ્ટ્રપતિએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને પોલિટેકનિકના 21 શિક્ષકો અને ફેકલ્ટીના શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારો પણ પ્રદાન કર્યા. કેન્દ્રીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી બાર શિક્ષકો અને ફેકલ્ટી , ત્રણ સરકારી અને બે ખાનગી કોલેજો સહિત રાજ્ય યુનિવર્સિટીઓમાંથી પાંચ અને બે સરકારી અને બે ખાનગી પોલિટેકનિક સહિત પોલીટેકનિકના ચાર શિક્ષકોને પુરસ્કારો માટે પસંદ કરવામાં આવ્યા છે.

# PM TECHERS DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષકોને પાઠ્યપુસ્તકોથી આગળ વધીને વિદ્યાર્થીઓના જીવનને સુધારવા અને બાળપણને સુરક્ષિત રાખવામાં મોટી ભૂમિકા ભજવવા હાકલ કરી છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત શિક્ષકો સાથે વાતચીત કરી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે શિક્ષકોએ ખાતરી કરવી જોઈએ કે દરેક વિદ્યાર્થીનું આંતરિક બાળપણ જીવંત રહે. શ્રી મોદીએ બાળકોમાં વધુ પડતા સ્ક્રીન સમય પર ચિંતા વ્યક્ત કરી.

(BYTE – PM ON SCREEN TIME)

પ્રધાનમંત્રીએ ડ્રગના દુરૂપયોગના વધતા જતા ખતરા અંગે પણ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે તેના વિશે સતત જાગૃતિ ફેલાવવાની જરૂર છે.

(BYTE-PM ON DRUGS)

રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ઉલ્લેખ કરતા , પ્રધાનમંત્રીએ બાળકોને વર્ગખંડની બહાર લઈ જવા અને તેમને વાસ્તવિક જીવન કૌશલ્યો અને વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવાના મહત્વ પર ભાર મૂક્યો.આ વર્ષે, ત્રણ વિભાગોમાંથી કુલ 82 શિક્ષકો અને શિક્ષણવિદોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.

# TEACHERS DAY WISHES - 1

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, ગૃહમંત્રી અમિત શાહ અને શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ આજે શિક્ષક દિવસ નિમિત્તે શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે શિક્ષણ ફક્ત શૈક્ષણિક જ્ઞાન આપવા પૂરતું મર્યાદિત નથી , પરંતુ એક ઉમદા જવાબદારી છે જે વ્યક્તિઓ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના વારસાને યાદ કર્યો.

ઉપરાષ્ટ્રપતિએ દેશભરના શિક્ષકોને તેમની નિઃસ્વાર્થ સેવા અને ભારતના ભવિષ્યને ઘડવામાં તેમના યોગદાન બદલ સલામ કરી.તેમણે ભારત રત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે શિક્ષકો પેઢીઓથી વિદ્યાર્થીઓને જ્ઞાનના માર્ગ પર માર્ગદર્શન અને દેશની સતત પ્રગતિમાં ફાળો આપી રહ્યા છે.

# TEACHERS DAY WISHES – 2

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે શિક્ષકો જ્ઞાન , કૌશલ્ય અને આત્મવિશ્વાસથી વિદ્યાર્થીઓના ભવિષ્યને સશક્ત બનાવે છે. એક વિડીયો સંદેશ શેર કરતા, શ્રી જોશીએ મહાન વિદ્વાન , દાર્શનિક અને શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે આ વર્ષે 82 ઉત્કૃષ્ટ શિક્ષકોને 'રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026' એનાયત કરવામાં આવી રહ્યો છે જે દેશના 1 કરોડ 3 લાખથી વધુ શિક્ષકોનું પ્રતિનિધિત્વ કરે છે.

(BYTE – PRHALAD JOSHI AWARDS)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. NEPAL-INDIAN EVACUEES

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, નેપાળના પૂરગ્રસ્ત ત્રિશુલી બજાર વિસ્તારમાંથી પાંચ વર્ષના બાળક સહિત ત્રણ વધુ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે, જેના કારણે ભારતીય સ્થળાંતર કરનારાઓની કુલ સંખ્યા 169 થઈ ગઈ છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા ભારતીય નાગરિકોની સલામતી અંગે વિસ્તૃત અપડેટ્સ શેર કરતા , MEA પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 275 ભારતીય નાગરિકો ગુમ છે. તેમણે નોંધ્યું હતું કે 1 હજાર 907 ભારતીયો ચીનથી સુરક્ષિત રીતે નેપાળ પહોંચી ગયા છે. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે કાઠમંડુમાં ભારતીય દૂતાવાસ ભારતીયોને ફ્લાઇટ્સ દ્વારા ઘરે પરત મોકલવાની સુવિધા આપી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે , તિબેટીયન સ્વાયત્ત ક્ષેત્રમાં કોઈ ભારતીય પ્રવાસી ફસાયેલા નથી.

# KERALAM ACCIDENT

કેરલના ત્રિશુર જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં આઠ લોકોના મોત નિપજ્યાં છે. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત ગઈકાલે રાત્રે કૈપામંગલમના પનામ્બિકુન્નુ ખાતે થયો હતો. યુવાનોથી  સવાર કાર હાઇવે પર ઉભેલી ટ્રક સાથે અથડાઈ હતી. તમામ યુવાનો તમિલનાડુના વિદ્યાર્થીઓ હોવાનું જણાયું છે. તમામ મૃતદેહને ત્રિશુર મેડિકલ કોલેજ લઈ જવાયા. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# YADAV - VULTURE AWARENESS

કેન્દ્રીય પર્યાવરણ ,  વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે પર્યાવરણીય ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ગીધનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો છે. આજે આંતરરાષ્ટ્રીય ગીધ જાગૃતિ દિવસ પર એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી યાદવે કહ્યું કે ગીધ પ્રકૃતિની સફાઈ ટીમ છે , જે ઇકોસિસ્ટમને સ્વચ્છ રાખવામાં , રોગોના ફેલાવાને રોકવામાં અને ઇકોસિસ્ટમ સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# CRICKET-WOMEN'S ASIA CUP

મહિલા ક્રિકેટમાં આજે T20 એશિયા કપની ગ્રુપ A ની છેલ્લી મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ રાત્રે 8 વાગ્યે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે. ભારત થાઇલેન્ડ અને હોંગકોંગને હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવી ચૂક્યું છે. ભારત હવે પાકિસ્તાનને હરાવીને સતત ત્રીજી જીત નોંધાવવા માટે પ્રયત્ન કરશે.

દરમિયાન પાકિસ્તાને અત્યાર સુધી ફક્ત એક જ મેચ રમી છે , જેમાં તેણે થાઇલેન્ડને હરાવ્યું છે. તેના બે પોઈન્ટ છે અને સેમિફાઇનલમાં પહોંચવા માટે તેને બાકી રહેલી મેચોમાંથી એક પોઈન્ટની જરૂર છે.

# WORLD ARCHERY PARA SERIES

ગુજરાતના અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ 2026નો ત્રીજા તબક્કાનો આજથી આરંભ થઈ રહ્યો છે. જેમાં 19 દેશોના 105 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ભારત પહેલીવાર આ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે. આ સ્પર્ધા અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે અને 9 સપ્ટેમ્બર સુધી ચાલશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે સાંજે વર્ચ્યુઅલી આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારત આગામી વર્ષોમાં રમતગમતનું મુખ્ય કેન્દ્ર બનશે.

દરમિયાન આ સ્પર્ધામાં 29 સભ્યોની ભારતીય ટીમ ભાગ લઈ રહી છે, જેમાં પેરિસ પેરાલિમ્પિક મેડલ વિજેતા શીતલ દેવી, રાકેશ કુમાર અને હરવિંદર સિંહનો સમાવેશ થાય છે.

# BIHAR FLOOD

બિહારમાં ગંગા, ગંડક અને કોસી નદીઓમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. પૂરના કારણે 16 જિલ્લાઓ અસરગ્રસ્ત છે , જ્યારે પટણા સહિત 14 જિલ્લાઓમાં પરિસ્થિતિ ગંભીર છે. જળ સંસાધન વિભાગના જણાવ્યા અનુસાર , પટણામાં ગંગા નદી ભયના નિશાનથી લગભગ બે મીટર ઉપર વહી રહી છે.

વિભાગે અનુમાન લગાવ્યું છે કે ગાંધી ઘાટ ગેજ સાઇટ પર એક નવા પૂરનું સ્તર નોંધાઈ શકે છે. પરિણામે , નદીના નીચાણવાળા વિસ્તારો પર દબાણ વધી શકે છે. સંબંધિત જિલ્લાઓને પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી સાવચેતીનાં પગલાં લેવા નિર્દેશ આપ્યો છે.

# CONGO-EBOLA FUNDING

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોએ ઇબોલા રોગચાળા સામે લડવા માટે એક અપડેટેડ છ મહિનાની યોજના શરૂ કરી છે. આ યોજના આગામી છ મહિના માટે આ યોજના અમલમાં રહેશે. આ અભિયાન માટે લગભગ 1.3 અબજ યુએસ ડોલર ભંડોળની જરૂર પડશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) અનુસાર, આ મહિનાની 2 તારીખ સુધીમાં રોગચાળો ફાટી નીકળવાના કારણે 6 હજાર 342 કેસ અને 3 હજાર 72 મૃત્યુ થયા છે. તે છ પ્રાંતોમાં 60 આરોગ્ય ઝોનમાં ફેલાઈ ગયો છે.

આરોગ્ય મંત્રી રોજર કમ્બાએ જણાવ્યું હતું કે રોગચાળાને નિયંત્રિત કરવા માટે સરકાર, સમુદાયો, આરોગ્ય એજન્સીઓ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો વચ્ચે સંકલનની અપીલ કરી હતી. યુએન અને આફ્રિકા સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનએ પણ સતત સમર્થન આપવાનું વચન આપ્યું છે , જ્યારે દાતાઓને લવચીક અને વિશ્વસનીય ભંડોળ પૂરું પાડવા વિનંતી કરી છે.